# ગિરિરાજના નિવેદન સામે રાજનાથ લાલઘુમ

નવી દિલ્હી,તા. ૨૦

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના નજીકના સાથી ગણાતા ગિરિરાજ સિંહના નિવેદનના કારણે ભાજપ સામે નવી સમસ્યા ઉભી થઇ ગઇ છે. નરેન્દ્ર મોદીનો વિરોધ કરનાર લોકોએ પાકિસ્તાન જવુ જોઇએ કારણ કે ભારતમાં તેમના માટે કોઇ જગ્યા નથી તેવા ગિરિરાજસિંહના નિવેદનથી ભાજપ પ્રમુખ રાજનાથસિંહ પણ લાલઘુમ દેખાઇ રહ્યા છે. ભાજપના અન્ય નેતાઓએ પણ આની સામે વાંધો ઉઠાવ્યો છે. રાજનાથસિંહે આના નિવેદન હવે ન કરવા અને નિવેદન કરતી વેળા સાવધાની રાખવા માટે ગિરિરાજને ઠપકો આપ્યો છે. આવા સુચનો ને ટિપ્પણી વારંવાર કરશે તો તેમની સામે શિસ્તના પગલા લેવામાં આવસે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે. અગાઉ ભાજપે ગિરિરાજ સિંહના નિવેદનને રદિયો આપ્યો હતો અને કહ્યું હતું કે ભાજપ ગિરિરાજના નિવેદન સાથે સહમત નથી. દરમિયાન બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન સુશીલ કુમાર મોદીએ કહ્યું હતું કે ભાજપ ગિરિરાજના નિવેદન સાથે સહમત નથી. નવાડામાંથી લોકસભાની ચૂંટણી લડી રહેલા ગિરિરાજે કહ્યું હતું કે મોદીના હરિફ લોકો પાકિસ્તાનના ઇશારે



કામ કરી રહ્યા છે.

નરેન્દ્ર મોદી પોતે શાંત છે પરંતુ ભાજપના વરિષ્ઠ નેતા સુશીલ કુમાર મોદીએ તરત જ પ્રતિક્રિયા આપી હતી. ભાજપ લોકસભાની ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવશે તેવો દાવો હાલના ઓપિનિયન પોલ અને સર્વેમાં કરવામાં આવ્યો છે. કેટલાક સર્વે તો અહીં સુધી કહી રહ્યા છે કે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએને બહુમતિ મળી શકે છે. આવી સ્થિતીમાં ગિરિરાજના નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોદીનો પહેલાથી વિરોધ કરી રહેલા લોકોના મનમાં આ નિવેદનથી વધારે દહેશત ઉભી થઇ શકે છે.

## સોનિયા ગાંધીની તબિયત બગડી : મહારાષ્ટ્રના કાર્યક્રમને રદ કરવાનો નિર્ણય

મુંબઇ,તા. ૨૦

તબિયત સારી નહી હોવાના કારણે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના આજના મહારાષ્ટ્રના કાર્યક્રમને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સોનિયા ગાંધીના કાર્યક્રમને રદ કરવામાં આવતા કોંગ્રેસના કાર્યકરો ચિંતિત દેખાયા હતા.અગાઉ નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ સોનિયા ગાંધી આજે દેશના વાણિજ્ય પાટનગર મુંબઇ ઉપરાંત નંદુરબાર, ધુલેમાં પ્રચાર કરનાર હતા. તેમના ઝંઝાવતી કાર્યક્રમની પહેલાથી જ તમામ તૈયારી કરવામાં આવી હતી. આગામી ગુરૂવારે રાજ્યમાં મતદાન યોજાય તે પહેલા લોકસભાની ચૂંટણીને લઇને સોનિયા ગાંધી આક્રમક રીતે પ્રતાર કરવાના મુડમાં હતા પરંતુ તેમની તબિયત ખરાબ થતા હવે આજના કાર્યક્રમને



રદ કરવામાં આવ્યો હતો. મહત્વપૂર્ણ ચૂંટણી હોવા છતાં મુંબઇ જેવા મોટા શહેરમાં સોનિયા ગાંધી હજુ પહોંચ્યા નથી. જયારે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અહીં ચૂંટણી પ્રચારની શરૂઆતમાં જ રેલી કરી ચુક્યા છે. સોનિયા ગાંધીની જગ્યો હવે પક્ષના વરિષ્ઠ નેતાઓએ જવાબદારી સંભાળી હતી.મહારાષ્ટ્રમાં કોંગ્રેસની હાલત કફોડી બનેલી છે. કારણ કે આ વખતે શાસન વિરોધી લહેર જોવા મળી રહી છે. દરમિયાન ભાજપ-સિવસેના ગઠબંધન પ્રચારમાં વ્યસ્ત છે.

આવતીકાલે ભાજપ અને શિવ સેના બાન્દ્રા કુર્લા મતવિસ્તારમાં રેલી યોજનાર છે. અહીં સોનિયા ગાંધીના કાર્યક્રમને પણ રાખવામાં આવ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ તેમની સિદ્ધી રજૂ કરવામાં વધારે વિશ્વાસ ધરાવે છે. આ વખતે મહારાષ્ટ્રમાં પણ બાજપ-શિવસેનાની સ્થિતી વધારે સારી દેખાઇ રહી છે.

## શેરબજારમાં ચૂંટણી પહેલા ૪-૫ ટકાનો વધારો થઇ શકે

મુંબઇ,તા. ૨૦

શેરબજારમાં હાલમાં ઉતારચઢાવની સ્થિતી રહેવાના સંકેત દેખાઇ રહ્યા છે. જો કે મોટા ભાગના આર્થિક પંડિતો માની રહ્યા છે કે ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા શેરબજારમાં હજુ ઉછાળો આવી શકે છે. સન્સેક્સમાં ૧૬મીમેના દિવસે પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલા ૪-૫ ટકાનો વધારો થઇ શકે છે. ૩૫૦ પોઇન્ટનો મોટો ઉછાળો રહ્યો હોવા છતાં હાલમાં તીવ્ર તેજી જોવા મળશે નહી. કેન્દ્રમાં નવી સરકાર સુધારલક્ષી આવશે તેવી આશા પ્રવર્તી રહી છે. સેન્સેક્સ હજુ નવી સપાટી સુધી પહોંચી શકે છે. સેન્સેક્સ છેલ્લા સપ્તાહ દરમિયાન ૨૨૬૨૯ની સપાટીએ રહ્યો હતો. જયારે નિફટી ૬૭૭૯ની સપાટીએ રહ્યો હતો. જાણકાર નિષ્ણાંતો માની રહ્યા છે કે સેન્સેક્સ હાલમાં ૩૦૦૦૦ની ઉંચી સપાટી પર પહોંચશે નહી પરંતુ નિફટી ચૂંટણી પહેલા ૭૦૦૦ની સપાટીને સ્પર્શ કરે તેવી શક્યતા છે. માર્કેટમાં અસ્થિરતા માટે કેટલાક પરિબવો જવાબદાર છે. વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાં મોટા પાયે નાણાં ઠાલવવામાં આવી રહ્યા છે. શેરબજારમાં શુક્રવારના દિવસે રજા રહી હતી પરંતુ ગુરૂવારે બજારમાં જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા ત્રણ દિવસથી જારી મંદી ઉપર ગુરૂવારે બ્રેક મુકાઇ હતી.

## નવી બેંકો શરૂ કરવા ૨૫ અરજી પર ચર્ચા

દેશમાં નવી બેંકો સ્થાપિત કરવાને લઇને ભારતીય રિઝર્વ બેંક દ્વારા હિલચાલ હાથ ધરવામાં આવી છે. રિઝર્વ બેંક હાલના સમયમાં નવી બેંકો માટે તેની પાસે આવેલી ૨૫ અરજીઓ ઉપર વિચારણા કરી રહી છે. લાયસન્સ આપવાની પ્રક્રિયા શરૂ પણ કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચે પણ આની મંજૂરી આપી દીધી છે. તેની પાસે આવેલી ૨૫ અરજીઓ મહાકાય કંપનીઓ તરફથી આવી છે. મોર સમીતિએ ભલામણ કર્યા બાદ આ દિશામાં ઝડપથી નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. દેશની કોર્પોરેટ જગત સાથે સંકળાયેલી મહાકાય કંપનીઓ, નાણાંકીય સંસ્થાઓ દ્વારા પણ બેંકો શરૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરવામાં આવી છે.

## મોદીની લહેર હોવાની ઓમરે કરેલી કબુલાત

નવીદિલ્હી,તા.૨૦

જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લાએ આજે કબુલાત કરી હતી કે દેશમાં મોદી લહેર છે. તેમણે પોતાના સાથીઓની પરોક્ષરીતે ટિકા કરતા કહ્યું હતું કે મોદી લહેરને નહી સ્વીકારનાર લોકો અજાણ હોવાની



વાત કરી રહ્યા છે. ઓમર અબ્દુલ્લાના આ નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કેન્દ્રમાં યુપીએ સરકારમાં સામેલ નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે મોદીનુ પ્રભુત્વ ચોક્કસપણે દેખાઇ રહ્યું છે. મોદી લહેર જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં પણ જોઇ શકાય છે. સહયોગી પાર્ટીના ટોચના નેતા ના નરેન્દ્ર મોદીના આ નિવેદનના કારણે કોંગ્રેસની અને ખાસ કરીને રાહુલ ગાંધીની તકલીફમાં વધારો કરી શકે છે. રાહુલ ગાંધી સતત કહી રહ્યા છે કે દેશમાં કોઇ મોદી લહેર નથી. જમ્મુ કાશ્મીર સાથે જોડાયેલા કેન્દ્રીય પ્રધાન અને કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદે કહ્યું છે કે દેશમાં મોદીની લહેર હોવાના અહેવાલ પાયાવગરના છે. મોદી પાસે ઇસ્લામ ધર્મ અંગે ઓછી માહિતી છે. પરંતુ તેઓ આ વાત કેમ કબુલ કરતા નથી. તે આશચર્યજનક છે. ઓમરના નિવેદન બાદ એવી અટકળો પણ શરૂ થઇ ગઇ છે કે ચૂંટણી યોજાયા બાદ તેમની પાર્ટી બાજપના નેતૃત્વમાં એનડીએ સરકારને ટેકો આપી શકે છે. જો કે ઓમરના પિતા ફારૂક અબદુલ્લા હજુ સુધી કહેતા રહ્યા છે કે તેમની પાર્ટી યુપીએની સાથે જ રહેશે. અગાઉ ઓમરે પણ કહ્યું હતું કે ભાજપના લોકો દ્વારા લહેરની અફવા ફેલાવવામાં આવી રહી છે.

## એર ઇન્ડિયા ચાર બોઇંગ ૭૮૭ ખરીદવા તૈયાર છે

નવી દિલ્હી,તા. ૨૦

મે અને નવેમ્બરના મહિના વચ્ચે પાંચ વધુ ડ્રીમલાઇનર્સ મળનાર છે ત્યારે એર ઇન્ડિયા દ્વારા ચાર બોઇંગ ૭૮૭ ડ્રીમલાઇનર્સ કરીદવા માટે ૫૦૦ મિલિયન ડોલરની બ્રીજ લોન્ બી કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. મોસ્કો, રોમ અને મિલાન જેવા સ્થળ સુધી ફ્લાઇટ લોંચ કરવા માટે આ નવા વિમાનોનો ઉપયોગ કરવામાં આવશે. નેશનલ કેરિયર પહેલાથી જ ૧૩ બોઇંગ ૭૮૭ .ડ્રીમલાઇનર્સ મેળવવામાં સફળ છે. તે માને છે કે આવા બે વધુ વિમાનો મે મહિનામાં મળી જશે જ્યારે જુન, ઓગષ્ટ અને નવેમ્બર મહિનામાં યુએસ કંપની બોઇંગ દ્વારા વદુ ત્રણ વિમાનો આપવામાં આવશે. વધારાના વિમાનોનો ઉપયોગ મોસ્કો, રોમ અને મિલાન જેવા સ્થળો પર સેવા માટે કરવામાં આવશે.

એરલાઇનના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે આ સેવા શરૂ કરવા માટે ચોક્કસ મંજૂરી લેવી પડશે. આ વિમાનોમાં અનેક વિશેષતા હશે. એર ઇન્ડિયા ગળા કાપ સ્પર્ધામાં તેની સ્થિતીને વધારે મજબુત બનાવવા માટે પણ પ્રયાસમાં છે.

## ઉત્તરાખંડમાં સફરજન અને બટાકાના પાકને નુકસાન

દહેરાદૂન,તા.૨૦

ઉત્તરાખંડમાં જૂન મહિનામાં પૂરની સ્થિતિના પરિણામ સ્વરૂપે મોટાપ્રમાણમાં સફરજન અને બટાકાના પાકને નુકસાન થયું છે. ગઢવાલ મંડલ વિકાસ નિગમમાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તરાખંડમાં જૂન મહિનામાં પૂરની સ્થિતિના પરિણામ સ્વરૂપે આશરે ૧૨૦૦ ટન સફરજન અને બટાકાના પાકને ભારે નુકસાન થયું છે. તીવ્ર મોંઘવારીની સ્થિતિમાં જંગી નુકસાનને લઇને વહીવટી તંત્રની ઊંઘ હરામ થઇ ગઇ છે. ગઢવાલ મંડલ વિકાસ નિગમ ઉપર આને લઇને આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. માર્ગોની અતિ કફોડી હાલતના પરિણામ સ્વરૂપે સફરજન અને બટાકાના જંગી જથ્થાને માર્કેટ સુધી પહોંચાડવામાં સફળતા મળી ન હતી જેના પરિણામ સ્વરૂપે આ જંગી જથ્થો નાશ પામ્યો છે. ઘણા માર્ગો પ્રદેશમાં હજુ પણ ખૂબ જ કફોડી હાલતમાં છે અને તેમના ઉપરથી મોટા વાહનો પસાર થાય તેવી સ્થિતિ નથી જેના લીધે ગઢવાલ મંડલ વિકાસ નિગમને ભારે નુકસાન થયું છે. જીએમવીએનના જનરલ મેનેજર પ્રતાપ શાહે કહ્યું છે કે જીએમવીએનએ ઘણા વિકલ્પો ઉપર ચર્ચા કરી હતી પરંતુ કોઇ વિકલ્પ ન દેખાતા નુકસાનની સ્થિતિ સર્જાઇ છે. આ વર્ષે ઓગસ્ટ મહિનામાં સરકારી આદેશ જારી કરવામાં આવ્યો હતો જેમાં ૩૦ રૂપિયાની લઘુત્તમ કિંમતે સફરજન ખરીદી લેવા અને ૧૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે બટાકાની ખરીદી કરી લેવા સૂચના આપવામાં આવી હતી.

ઉત્તર કાશી, તહેરી, ચમોલી, રૂદ્રપ્રયાગ અને ચક્તા જિલ્લામાં ખેડૂતો પાસેથી ઉપરોક્ત કિંમતમાં સફરજન અને બટાકા ખરીદી લેવા માટે આદેશ કરાયો હતો. મોટી સંખ્યામાં લોકોને આના માટે કામેપણ લગાડવામાં આવ્યા હતા પરંતુ પરિવહનની યોગ્ય સુવિધા નહીં હોવાના લીધે બજારમાં આ જથ્થો પહોંચ્યો ન હતો. ખાલી મકાનમાં જંગી જથ્થાને મૂકાયો હતો પરંતુ આ જથ્થો હવે સડી ગયો છે. કેટલાક કેસોમાં વાહનો ભાડે લેવામાં આવ્યા હતા પરંતુ આ ખૂબ મોંઘી પ્રક્રિયા હતી. ખરાબ રસ્તાના કારણે ડ્રાઇવરો પણ ખૂબ ઊંડી કિંમત માગી રહ્યા હતા. મહિનાઓ સુધી આ જથ્થો પડી રહ્યા બાદ સડી ગયો છે. કોર્પોરેશનને ભારે નુકસાન થયું છે. કારણ કે રાજ્ય સરકાર કુલ રકમની માત્ર ૨૫ ટકા રકમ જ ચૂકવશે. જીએમવીએમના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ કુમારે કહ્યું છે કે રાજ્ય સરકારે પ્રોજેક્ટ માટે અમારી પસંદગી કરી છે.

## મિસ્ટર ઇન્ડિયાની સિક્વલ બનાવવા તૈયારી શરૂ કરાઇ

મુંબઇ,તા. ૨૦

વર્ષ ૧૯૯૦ના દશકમાં ધુમ મચાવી ચુકેલી અને તમામ લોકોને ખુબ પસંદ પડી ચુકેલી ફિલ્મ મિસ્ટર ઇન્ડિયાની સિક્વલ ફિલ્મ પર હવે ટુંક સમયમાં કામ શરૂ કરવામાં આવશે. આ ફિલ્મમાં પણ અનિલ કપુર મુખ્ય ભૂમિકા અદા કરે તેવી શક્યતા છે. ફિલ્મમાં આ વખતે અનિલ કપુરની સાથે સાથે સલમાન ખાન અને અર્જૂન કપુર પણ ભૂમિકા અદા કરે તેવી શક્યતા છે. ટુંક સમયમાં ફિલ્મના અન્ય કલાકારોની પસંદગી કરવામાં આવનાર છે. ઓરિજિનલ ફિલ્મમાં મિસ્ટર ઇન્ડિયાની મુખ્ય ભૂમિકા અનિલ કપુરે અદા કરી હતી. અનિલ કપુરે હાલમાં જ કહ્યું હતું કે સિક્વલ પર અમે ટુંક સમયમાં કામ શરૂ કરીશુ. વર્ષ ૧૯૮૭માં અનિલ કપુરના ભાઇ બોની કપુરે આ ફિલ્મ બનાવી હતી. મોટા લોકોને જ નહી બલ્કે બાળકોને આ ફિલ્મ ખુબ પસંદ પડી હતી. આ ફિલ્મમાં અનિલ કપુર ઉપરાંત, શ્રીદેવી અને અમરીશ પુરીએ મુખ્ય ભૂમિકા અદા કરી હતી.

આ અંગે પુછવામાં આવતા અનિલ કપુરે કહ્યું હતું કે તે સિક્વલ ફિલ્મમાં ચોક્કસ પણે કામ કરવાની ઇચ્છા ધરાવે છે. ફિલ્મની સિક્વલ તેના વગર કઇ રીતે બની શકે છે. આ ફિલ્મનુ નિર્દેશન શેખર કપુરે કર્યું હતું. આ ફિલ્મમાં અમરીશ પુરી દ્વારા અદા કરવામાં આવેલી મોગેમ્બોની ભૂમિકા આજે પણ જીવંત છે. એવુ પણ જાણવા મળ્યું છે કે આ ફિલ્મમાં અનિલ કપુર ઉપરાંત સલમાન ખાન અને અર્જૂન કપુર પણ કામ કરનાર છે.

## એનડીએના શાસનમાં વધુ ખેડુતોએ આત્મહત્યા કરી

નવી દિલ્હી,તા.૨૦

ચૂંટણી નજીક આવતાની સાથે જ દરેક પાર્ટી ખેડુતોને લિને ચિંતા વ્યક્ત કરવા લાગી જાય છે. આ વખતે પણ ચૂંટણી પ્રચાર ચરમસીમા પર છે ત્યારે દરેક રાજકીય પક્ષો દ્વારા હવે ખેડુતોની આત્મહત્યા અને તેમની અન્ય તકલીફો રજૂ કરવામાં આવી રહી છે. હવે નવા આંકડા જારી કરવામાં આવ્યા છે જે દર્શાવે છે કે ખેડુતો દ્વારા યુપીએની શાસન કરતા એનડીએના શાસનમાં વધારે આત્મહત્યા કરી હતી. ખેડુતોની આત્મહત્યાના મુદ્દે આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ દ્વારા રજૂઆત કરવામાં આવી રહી છે. તમામ પાર્ટી પોતાને ખેડુતોની સૌથી મોટી પાર્ટી તરીકે ગણાવી રહી છે. પરંતુ વર્ષ ૧૯૯૫ બાદથી ખેડુતોની આત્મહત્યાના આંકડા પર નજર કરવામાં આવે તો ભાજપના સાસનમાં કોંગ્રેસ કરતા વધારે ખરાબ ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે. કેન્દ્રમાં એનડીએના શાસન દરમિયાન દેશમાં કુલ ૮૪૨૩૫ ખેડુતો દ્વારા આત્મહત્યા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૯૯-૨૦૦૩ વચ્ચેના ગાળામાં ૮૪૨૩૫ ખેડુતોએ આત્મહત્યા કરી હતી.આ અગાઉના પાંચ વર્ષમાં ૧૯૯૪-૯૯ની તુલનામાં તેમાં ૩૧ ટકાનો નોંધપાત્ર વધારો થયો હતો. યુપીએ-૧ના પાંચ વર્ષના શાસનમાં આ આંકડો બે ટકા વધીને ૮૫૯૬૦ સુધી પહોંચ્યો હતો. જ્યારે યુપીએ-૨માં તેમાં ૧૩ ટકાનો ઉલ્લેનીય ઘટાડો થયો હતો. વર્ષ ૨૦૧૩ના આંકડા સરેરાશના આધારે લેવામાં આવ્યા છે. ખેડુતોની આત્મહત્યાના મામલે નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો આંકડા રાખી રહી છે. આ મામલે વર્ષ ૨૦૧૨માં બનેલા બનાવ સુધીના આંકડા મળી શક્યા છે. કેન્દ્ર સરકાર જ નહી બલ્કે ખેડુતોની આત્મહત્યાના મહત્તમ રાજ્યો દ્વારા પણ ખેડતોની આત્મહત્યાને રોકવા માટે કોઇ ખાસ યોજના અમલમાં મુકી નથી. જુદા જુદા રાજ્યોન આંકડા દર્શાવે છે કે વર્ષ ૧૯૯૫-૯૯ના ભાજપ-સિવસેનાના શાસનમાં મહારાષ્ટ્રમાં ૧૦૦૦૦ ખેડુતોએ આત્મહત્યા કરી હતી.

જ્યારે ૧૯૯૯-૨૦૦૩ના કોંગ્રેસના ગાળા દરમિયાન હાલત વધારે ખરાબ થઇ હતી. કારણ કે આ ગાળા દરમિયાન આત્મહત્યાનો આંકડો વધીને ૧૬૦૦૦ ઉપર પહોંચી ગયો હતો. આગામી નવ વર્ષમાં રાજ્યમાં કોંગ્રેસ-એનસીપી શાસન દરમિયાન ૩૩૭૦૨ ખેડતો આત્મહત્યા કરી ચુક્યા છે. મધ્યપ્રદેશની વાત કરવામાં આવે તો તેની હાલત પણ કફોડી રહી છે. વર્ષ ૧૯૯૮-૨૦૦૩ વચ્ચેના કોંગ્રેસના શાસનમાં અહીં ૧૩૦૦૦ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. ત્યારબાદ ભાજપ શાસનમાં આંકડો વધીને ૨૨૦૦૦ સુધી પહોંચી ગયો છે. આંધ્રપ્રદેશમાં વર્ષ ૧૯૯૫-૨૦૦૩ વચ્ચે ટીડીપીના શાસનમાં ૧૬૦૦૦ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. કોંગ્રેસના ાગામી દસ વર્ષમાં આંકડો ૨૧૦૦૦ સુધી પહોંચી ગયો હતો. કર્ણાટકમાં પણ વર્ષ ૧૯૯૫થી ૧૯૯૯ વચ્ચેના ગાળામાં ૧૦૦૦૦ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. તમામ આંકડા દર્શાવે છે છે કે કોંગ્રેસ અને ભાજપ બન્નેના શાસનમાં ખેડુતો દ્વારા આત્મહત્યા કરવામાં આવી છે. જો કે આના માટે કેટલાક કારણો રહેલા છે. કેટલાક કારણો કુદરતી પણ છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

આ પુસ્તકમાં ટેસ્ટ ટૂ ટેસ્ટ મેચોની આંકડાકીય માહિતીઓ પણ ખુબ ચોકસાઇ પૂર્વક અને વિસ્તૃત રીતે આપવામાં આવી છે. તે સાથે સચીનની નજરે આં.રા. ક્રિકેટ કારકિર્દીની યાદગાર પળો, સમાચારોમાં સચીન, ઓસ્ટ્રેલિયાના સીડની ક્રિકેટ ગ્રાઉન્ડના મ્યુઝિયમમાં સચિનનું પુરા કદનું મીણનું પુતળું એપ્રિલ ૨૦૧૩માં મુકવામાં આવેલ તેની વિગતો હોય કે સચિને બેટીંગ માટે પેડ બાંધી ૭ કલાક રાહ જોઇ તેની વતા હોય તેમને ખુબ સરસ રીતે તેનો ચિતાર આપ્યો છે. તો છેલ્લે પરિશિષ્ટમાં સચિન વિશે મહાનુભાવોના અભિપ્રાયો અને વિક્રમોની વણથંભી વણઝારની વિગતો ૧૯૮૯થી ૨૦૧૩ સુધીની અહીં આપવામાં આવી છે.

ગોડ ઓફ ક્રિકેટ : ભારતરત્ન સચીન તેંડુલકર - પુસ્તકના લેખક જગદીશ બિનીવાલે અમદાવાદના, ગુજરાતના પીઠ રમતગમત પત્રકાર - લેખક છે. ‘અભિજિત આનંદ’ તેમનું ઉપનામ છે. તા. ૨૩-૧૧-૧૯૪૧ના રોજ મુંબઇમાં જન્મેલાં લેખકનું વતન અમરેલી છે. બી.એસ.સી. ડિપ્લોમાં ઇન જર્નાલિઝમ, બુક પબ્લિશિંગ ઇન પબ્લિક રિલેસન્સનો અભ્યાસ ધરાવે છે. તેઓ નિવૃત્ત સહાયક હિસાબી અધિકારી છે. ઉપરાંત અનેક અખબારો અને સામયિકોમાં નિયમિત કતાર લેખન કરે છે. તેમને ૧૯૯૪માં સંસ્કૃતિ ગૌરવ એવોર્ડ પ્રાપ્ત થયેલો છે. તેમના પ્રકાશનોમાં નવલકથા તરસ્યાં હૈયા તરસ્યા હોઠ, ઘાતચક્ર અને બાળ સાહિત્યમાં ખુશખુશાલ બાળશ્રેણી ઉપરાંત ભારતીય ક્રિકેટના સિતારાઓ, ટિકીટ સંગ્રહની કલા, ક્રિકેટની કલા જેવાં માહિતીપ્રદ પુસ્તકો પણ લેખકે આપ્યાં છે. સચીન તેંડુલકર વિષેનું આ સુંદર પુસ્તક આપવા બદલ હું તેમને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારૂં છું.

***ગોડ ઓફ ક્રિકેટ : ભારતરત્ન સચીન તેંડુલકર***

***લેખક - જગદીશ બિનીવાલે***

***પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશનન્સ, ૩૦, બીજે માટે, કૃષ્ણ કોમ્પ્લેક્ષ, જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧***

***સંપર્ક - ૯૮૨૫૦૫૭૯૦૫***

***પ્રથમ આવૃત્તિ-૨૦૧૩, કિંમત - રૂા.૧૮૦/-***

## દરેક નાગરિકના બેંક ખાતા ૨૦૧૬ સુધી હોવા જોઈએ

મુંબઇ,તા.૨૦

ભારતીય રિઝર્વ બેંકની એક સમીતિએ બેન્કીંગ માળખામાં ધરખમ ફેરફાર કરવાનું સૂચન કર્યું છે અને કહ્યું છે કે જાન્યુઆરી ૨૦૧૬ સુધી દરેક નાગરિકના બેંક ખાતા રહે તે ખૂબ જરૂરી છે. આ સમીતિએ આ સંબંધમાં ઓછી આવકવાળા પરિવારો માટે વિશેષ બેંક સ્થાપિત કરવાની ભલામણ કરી છે. સાથે સાથે આ સમીતિએ એવા સૂચન પણ કર્યા છે કે દેશભરમાં કોઇપણ જગ્યાએ ૧૫ મિનિટના અંતરે પૈસા ઉપાડી શકાય તેવી સુવિધા હોવી જોઇએ. સાથે સાથે પૈસા જમા કરવા અને ચૂકવણી કરવાની સુવિધા પણ ૧૫ મિનિટના અંતરે હોવી જોઇએ. નચીકેત મોરના નેતૃત્વમાં નાના કારોબારીઓ અને ઓછી આવકવાળા વર્ગના પરિવારો માટે વિસ્તૃત નાણાંકીય સેવાઓ ઉપર રચવામાં આવેલી સમીતિએ પોતાના અહેવાલમાં શ્રેણીબદ્ધ સૂચનો કર્યા છે. મોરે આ અહેવાલમાં જણાવ્યું છે કે ૧લી જાન્યુઆરી ૨૦૧૬ સુધી ૧૮ વર્ષથી વધુ વય વાળા દરેક નાગરિકની પાસે વ્યક્તિગત, પૂર્ણ સેવાઓવાળા સુરક્ષિત ઇલેક્ટ્રોનીક બેંક ખાતાઓ હોવા જોઇએ. અત્રે ઉલ્લેખનીય છે કે રિઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને પોતાની કામગીરી સંભાળતાની સાથે જ આઇસીઆઇસીઆઇ બેંકના ભૂતપૂર્વ કારોબારી નિર્દેશક નચિકેત મોરના નેતૃત્વમાં એક સમીતિની રચના કરી હતી. સમીતિએ એવા સૂચન પણ કર્યા હતા કે આધાર કાર્ડને ઓટોમેન્ટીક બેંક એકાઉન્ટ તરીકે ગણવા જોઇએ.

## સમાચાર ઝલક

- ઝારખંડમાં વરસાદ અને હીમપ્રપાતથી જીવનવ્યવહાર પ્રભાવીત બન્યો.
- વડાપ્રધાન મનમોહનસિંહના મીડિયા સલાહકાર પંકજ પંચોરી સામે આચાર સંહિતા ભંગની ફરિયાદ.
- સુપ્રીમની સુચના અન્વયે ક્રિકેટ કંટ્રોલ બોર્ડની આજે મળેલી બેઠક.
- રાજકીય પક્ષો કાળા નાણાંથી દૂર રહે : ચૂંટણીપંચની ગર્ભીત ચીમકી.
- ઇસ્ટર સન્ડેનો તહેવાર વિશ્વભરમાં ધામધૂમથી મનાવાયો.
- આંધ્રપ્રદેશનાં મુખ્યપ્રધાન કિરણકુમાર રેડ્ડી ચૂંટણી નહિ લડે તેમના નાના ભાઇ ચૂંટણી લડશે.
- સિરિયામાં મસ્જિદ બહાર બોંબ વિસ્ફોટથી ૧૫ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા.
- અમદાવાદ મેડિકલ એસોસીએશન દ્વારા મતદાન જાગૃતિ માટે મતદાન કરી આવેલા દર્દીઓને એક સપ્તાહ સુધી કન્સલટેશનમાં ૨૫ ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત થઇ.
- કેરળનાં વિશ્વપ્રસિદ્ધ પદ્મનાભ મંદિરનાં ખજાનાનાં વહિવટમાં ભારે ગરબડી : સુપ્રીમને અહેવાલ સોંપાયો.
- પાકિસ્તાનમાં વરિષ્ઠ પત્રકાર પર જીવલેણ હુમલો.
- નાદુરસ્ત તબિયતને કારણે મુંબઇમાં યોજાનારી સોનિયા ગાંધીની રેલી રદ્દ થઇ.
- અફઘાનિસ્તાનમાં શાંતિપૂર્ણ ચૂંટણી બાદ વિકાસ માટે તૈયારીઓ કરતી સરકાર અને પ્રજા.
- ચીનમાં પતંગ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે, તેમાં ૪૦થી વધુ દેશો ભાગ લઇ રહ્યા છે.
- મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન કાફલાને અકસ્માત.
- અમદાવાદના શાહઆલમમાં ભૂષણ આગમાં ટ્રક ભસ્મીભૂત થઇ.
- અમદાવાદ પોલીસ સબ ઇન્સ્પેક્ટરના પુત્રની ફરિયાદથી નવદંપતી પાડોશીએ પરણ્યાની પહેલી રાત પોલીસ સ્ટેશનમાં વીતાવી.